#071

પહેલું પગથિયું

સોમવાર એ માત્ર અઠવાડિયાનો પહેલો દિવસ નથી, પણ નવા સંકલ્પો અને નવા બદલાવની શરૂઆત છે.

ઘણા લોકો સોમવાર આવે એટલે કહે છે –
“ફરી કામ શરૂ…!”
પરંતુ સફળ લોકો કહે છે –
“ફરી એક નવી તક…!”

જીવનમાં મોટા બદલાવ એક દિવસમાં નથી થતા,
પણ નાની-નાની સારી આદતોની શરૂઆતથી થાય છે.

આજે સોમવાર છે એટલે પોતાને પૂછો:
• શું હું ગઈ કાલ કરતાં આજે થોડો સારું બની શકું?
• શું હું એક નવી સારી આદત શરૂ કરી શકું?
• શું હું મારી ટીમ, પરિવાર અને સમાજ માટે કંઈક સકારાત્મક કરી શકું?

મિત્રો યાદ રાખીએ,
દરેક મોટી સિદ્ધિની શરૂઆત એક નાની સીડી થી થાય છે.
અને એ સીડિનું પહેલું પગથિયું સોમવારથી જ શરૂ થાય છે.

તો એક વાત નક્કી કરીએ:
એક નવો વિચાર, નવી ઉર્જા અને નવી શરૂઆત.

કારણ કે…
“સોમવાર એ બદલાવની સીડિનું પહેલું પગથિયું છે.” ✨